Regd. R.N.I. No. : GUJGUJ/18009

# ન્યૂઝ ક્લીક

News Click Weekly – સાપ્તાહિક

Year : 1 • Issue :39• Date : 15-02-2024 • Page - 4 • Yearly Subscription : Rs. 50/- • Rs. 1-00 • E-mail : newsclick@gmail.com

Office: C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office, Junagadh, Gujarat • Editor : Vijyaben V. Sisodiya • Mo. 98790 84567

## ખેડૂતોની કૂચથી હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર સ્થિતિ કાબૂ બહાર

નવી દિલ્હી,

ટેકાના ભાવ માટે કાયદો ઘડવો તેમજ ખેડૂતોના દેવા માફ કરવા સહિતની ૧૦થી વધુ માગણીઓ સાથે ખેડૂતો દ્વારા દિલ્હી તરફ કૂચ કરી છે. હરિયાણા અને પંજાબ વચ્ચે શંભુ બોર્ડરથી ખેડૂતો દિલ્હી તરફ આગળ વધી રહ્યા છે. આ દરમિયાન પોલીસે ખેડૂતોને વિખેરવા માટે ટીયર ગેસના શેલ છોડ્યા હતા અને કેટલાક ખેડૂતોની પોલીસે અટકાયત પણ કરી છે. હરિયાણા-પંજાબની શંભુ બોર્ડર પર સ્થિતિ કાબૂ બહાર થઈ ગઈ છે. જો ખેડૂતો દિલ્હી તરફ કૂચ કરવા મક્કમ છે તો હરિયાણા પોલીસ તેમને રોકવા માટે ટીયર ગેસના શેલ છોડી રહી છે. દિલ્હીમાં ઘૂસવા પર અડગ રહેતા ખેડૂતો ટ્રેક્ટર વડે સિમેન્ટ બેરિકેડ હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. દિલ્હીમાં લાલ કિલ્લો પ્રવાસીઓ માટે બંધ કરી દેવામાં આવ્યો છે. ખેડૂતોની 'દિલ્હી ચલો' કૂચને કારણે સુરક્ષા વ્યવસ્થામાં વધારાની વચ્ચે એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપી. ખેડૂતોની કૂચને ધ્યાનમાં રાખીને દિલ્હીની આસપાસની સરહદો સીલ કરી દેવામાં આવી છે. સિંઘુ બોર્ડર પરનો ફ્લાયઓવર પણ સીલ કરી દેવામાં આવ્યો છે. મશીનની મદદથી સિમેન્ટ બેરીકેટ્સ લગાવવામાં આવ્યા છે. અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આરએએફ તહેનાત કરવામાં આવી છે.

ખેડૂત આંદોલનના પગલે ગૌતમ બુદ્ધ નગર પોલીસે ટ્રાફિક એડવાઈઝરી પણ જારી કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે દિલ્હી સાથે જોડતી તમામ સરહદો પર બેરિકેડ લગાવીને સઘન ચેકિંગ અભિયાન ચલાવવામાં આવશે. આ ઉપરાંત હેલ્પલાઈન નંબર પણ જારી કરવામાં આવ્યા છે. દિલ્હીના અનેક માર્ગો પર ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. ટ્રાફિક પ્રતિબંધોને કારણે દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ગુરુગ્રામ, ફરીદાબાદ સહિતના NCR શહેરોમાં લોકોને ટ્રાફિક જામનો સામનો કરવો પડી રહ્યો છે. ખેડૂતોની દિલ્હી ચલો માર્ચને જોતા વહીવટીતંત્રે દિલ્હીની તમામ સરહદો સીલ કરી દીધી છે. અર્ધલશ્કરી દળના જવાનો સરહદ પર તૈનાત છે. ખેડૂતો તમામ પાક માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી)ની ખાતરી આપતા કાયદાની માંગ કરી રહ્યા છે. આ ઉપરાંત મનરેગા હેઠળ દર વર્ષે ૨૦૦ દિવસની રોજગારી અને ૭૦૦ રૂપિયા દૈનિક વેતન આપવાની અપીલ કરવામાં આવી છે.ખેડૂતોની દિલ્હી ચલો માર્ચને કારણે આજે રાષ્ટ્રીય રાજધાનીની તમામ સરહદો સીલ કરી દેવામાં આવી છે. સોમવારે ખેડૂતો અને કેન્દ્રીય મંત્રીઓ વચ્ચેની બેઠક લગભગ પાંચ કલાક સુધી ચાલી હતી, પરંતુ ખેડૂતોને (કિસાન આંદોલન) સમજાવવાના તમામ સંભવિત પ્રયાસો અનિર્ણિત રહ્યા હતા. દિલ્હીની તમામ સરહદોને કેન્ટોનમેન્ટમાં ફેરવી દેવામાં આવી છે. જ્યારે ખેડૂતોની દિલ્હી તરફ કૂચને કારણે મંગળવારે એનસીઆરમાં ભારે ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.

### ભારતીય વડાપ્રધાન અબુધાબી પહોંચ્યા

## અબુધાબીમાં મોદીને ગાર્ડ ઓફ ઓનર અપાયું, રાષ્ટ્રપતિએ ગળે લગાવી અભિવાદન કર્યું

### ભારતના વડાપ્રધાન આજે અબુધાબીમાં હિન્દૂ મંદિરનું ઉદ્ઘાટન કરશે



અબુધાબી,

યુએઈમાં આવેલા પહેલા હિન્દૂ મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા કાર્યક્રમમાં ભાગ લેવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અબુ ધાબી પહોંચી ચૂક્યા છે. આ દરમિયાન વડાપ્રધાન મોદીને ગાર્ડ ઑફ ઑનર અપાયું. સંયુક્ત અરબ અમીરાત (યુએઈ)ના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાને વડાપ્રધાન મોદીને ગળે લગાવ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે બે દિવસીય યાત્રા પર યુએઈના પ્રવાસે પહોંચ્યા છે. ૧૪ ફેબ્રુઆરીએ તેઓ અબૂ ધાબીમાં પહેલા હિન્દૂ મંદિરનું ઉદ્ઘાટન કરશે. સાથે જ યૂએઈમાં રહેતા ભારતીય મૂળના લોકોને સંબોધિત પણ કરશે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભારતીયો ઉમટે તેવી શક્યતા છે. જોકે, આ કાર્યક્રમ પહેલા વરસાદે બધી મજા બગાડી દીધી છે.

વરસાદના કારણે કાર્યક્રમનો સમય ઘટાડી દેવાયો છે. સંયુક્ત અરબ અમીરાતમાં પહેલું હિન્દૂ મંદિર બનીને તૈયાર થઈ ચૂક્યું છે. તેનું ઉદ્ઘાટન વડાપ્રધાન મોદીના હાથે કરાશે. બીએપીએસ સ્વામીનારાયણ મંદિર, યૂએઈનું પહેલું હિન્દ મંદિર છે. આ મંદિરને ૯૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરાયું છે. જેમાં ૭ ગોપુરમ અને અને મૂર્તિઓને કલાકારીની સાથે બનાવાઈ છે. આ ન માત્ર દેશમાં સાંસ્કૃતિક વિવિધતાને બતાવે છે, પરંતુ ભારત અને સંયુક્ત અરબ અમીરાત વચ્ચે સંબંધોને પણ મજબૂત બનાવવામાં ઘણુ મહત્વનું યોગદાન આપે છે. આ મંદિરમાં લગભગ ૨૦૦૦-૫૦૦૦ ભક્તોના મંદિરમાં આપવાની શક્યતા છે.

વડાપ્રધાન મોદી આજે દિલ્હીથી આબૂ ધાબી પહોંચશે. સાંજના સમયે તેઓ અહલાન મોદી કાર્યક્રમમાં ભાગ લેશે અને લોકોને સંબોધિત કરશે. આ કાર્યક્રમમાં સામેલ થવા માટે અત્યાર સુધી ૬૫ હજારથી વધુ લોકોએ બુકિંગ કરાવ્યું છે. આ કાર્યક્રમ અબૂ ધાબીના જાયદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં થવાનો છે. તેઓ યૂએઈના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન અને ઉપરાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયદ અલ નાહયાન અને ઉપરાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતૂમ સહિત કેટલાક નેતાઓ સાથે મુલાકાત કરશે. આ દરમિયાન કેટલાક મુદ્દાઓ પર વાતચીત પણ થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજથી(મંગળવાર) બે દિવસ સુધી યુએઈના પ્રવાસે રહેશે. ૧૩ અને ૧૪ ફેબ્રુઆરીએ જ્યારે વડાપ્રધાન યુએઈ જઈ રહ્યા છે તો એ નોંધાવું જોઈએ કે ૨૦૧૪માં વડાપ્રધાન બન્યા બાદ તેમની યુએઈની સાતમી મુલાકાત હશે. આ સિવાય છેલ્લા ૮ મહિનાઓમાં વડાપ્રધાન ત્રીજી વખત મધ્ય પૂર્વના આ દેશમાં જઈ રહ્યા છે.

## ગુજરાતમાં આ અઠવાડિયાથી જ ગરમીના દિવસો આવી જશે

અમદાવાદ,

હાલ રાજ્યમાં ઉત્તર-પશ્ચિમી પવન ફૂંકાઈ રહ્યા છે. જેથી વાતાવરણમાં અચાનક ઠંડી અનુભવાઈ રહી છે. પરંતુ ઠંડી હવે ગણતરીના કલાકોની મહેમાન છે. ગુજરાતમાં આ અઠવાડિયાથી જ ગરમીના દિવસો આવી જશે. આ વર્ષે ભીષણ ગરમીની આગાહી હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલ દ્વારા કરવામાં આવી છે. હજી તો ફેબ્રુઆરી મહિનો છે, પરંતું એપ્રિલ, મે અને જુન મહિનો ગુજરાત માટે આકરો બની રહે છે. આમાં ગરમીનો પારો એટલો વધી જતો હોય છે કે લોકો કાળઝાળ ગરમીમાં શેકાય છે. ત્યારે આ વર્ષે કેવી ગરમી રહેશે તેની આગાહી અંબાલાલ પટેલે કરી છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ આગાહી કરી છે કે ૧૩ ફેબ્રુઆરી સુધીમાં વહેલી સવારે અને રાતના ભાગોમાં તાપમાન ઘટશે. ૧૫થી ૧૬ ફેબ્રુઆરીના ફરી તાપમાન વધશે. ધીરે ધીરે ૧૫ ફેબ્રુઆરીથી ગરમીની શરુઆત થઈ હોય તેવું લાગશે. ૧૯થી ૨૨ ફેબ્રુઆરીના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીનો અહેસાસ થશે. ઉનાળું પાકના વાવેતર માટે સાનુકુળ વાતાવરણ થતું જશે.

અંબાલાલ પટેલે જણાવ્યું કે, આ વર્ષે આકરો ઉનાળો રહેશે. ૧૯-૨૪ ફેરબુઆરીથી જ ગરમી શરુ થઈ જશે. ફેબ્રુઆરીમાં મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી ઉપર જશે. આ વર્ષનો ઉનાળો ઉનાળુ પાક માટે સાનુકૂળ રહેશે. ૪ માર્ચથી ગરમીમાં ઉતરોત્તર વધારો થશે. માર્ચ મહિનામાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે. ૨૦ એપ્રિલથી વધુ ગરમી પડશે. ૨૬ એપ્રિલથી મહત્તામ તાપમાન ૪૪ ડિગ્રી પાર જશે. ૧૧ મેથી કાળઝાડ ગરમી પડશે.

તો તેમણે આગળ કહ્યું કે, મે મહિનામાં બંગાળની ખાડી અને અરબસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. તેમજ ૪ જૂનથી પણ બંગાળની ખાડી અને અરબસાગરમાં હવાના હળવા દબાણ ઉભા થવાની શક્યતા છે. જો કે રાહતના સમાચાર એ છે કે, ભારે ગરમી સહન કર્યા બાદ ચોમાસુ સારું રહેશએ. અન નીનોનો પ્રભાવ ઘટી જતા આ વર્ષે ચોમાસુ સારું જવાની ધારણા છે.

## તંત્રી લેખ

# ગેરવ્યવસ્થાને કારણે સ્ટાર્ટઅપ્સ સામે જોખમ

ગત ૩૧ જાન્યુઆરીએ સ્ટાર્ટઅપ દુનિયામાં ભારતના સૌથી મશહૂર નામોમાંથી એક પેટીએમ પેમેન્ટ બેંક વિરુદ્ધ ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ)ના આદેશ બાદ પેટીએમ શંકાના દાયરામાં આવી ગયું છે. એનાથી પહેલેથી જ નુક્સાનમાં ચાલી રહેલ પેટીએમ બેંકની મુશ્કેલીઓ વધી ગઈ છે, બલ્કે શેરબજારમાં પણ તેના શેરોમાં સતત ઉતાર-ચડાવ જોવા મળે છે. જોકે પેટીએમ બેંક વિરુદ્ધ આરબીઆઈની આ પહેલી કાર્યવાહી ન હતી, પરંતુ તે માર્ચ, ૨૦૨૨થી ચાલી રહ્યું હતું, જ્યારે પેટીએમ બેંકને તત્કાળ પ્રભાવથી નવા ગ્રાહકો જોડતાં અટકાવી દેવાઈ હતી અને તેના વિરુદ્ધ એક વ્યાપક ઓડિટ શરૂ કરવામાં આવ્યું હતું. ઓક્ટોબર, ૨૦૨૩માં આરબીઆઈએ 'કેવાયસી' માપદંડોના પાલન નહીં કરવાને કારણે પેટીએમ બેંક પર ૫.૩૯ કરોડ રૂપિયાનો આર્થિક દંડ પણ લગાવાયો હતો. હાલની કાર્યવાહીમાં અનિવાર્ય રૂપે પેટીએમ બેંકની બેંકિંગ ગતિવિધિઓને રોકવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. જોકે એવું લાગે છે કે પેટીએમ યુપીઆઈ એપ જેને કારણે કંપનીએ પહેલી વખત પ્રતિષ્ઠા મેળવી હતી, તે ચાલુ રહેશે.

પેટીએમની આખી કહાની અસલમાં સ્ટાર્ટઅપની દુનિયાની હકીકતોને સામે લાવે છે. સ્ટાર્ટઅપની દુનિયામાં અસલમાં વૈશ્વિક અર્થવ્યવસ્થાની બે અલગ-અલગ પ્રવૃત્તિઓ સાથે દેખાય છે. તેમાં એક તરફ તો એક નવા પ્રકારના 'રોકાણકારો', વેન્ચર પૂંજીપતિઓ કે એન્જલ ઈન્વેસ્ટર્સના એક વર્ગનો ઉદય થયો, જે એ લોકોની શ્રેણીમાં હતા, જે મૂળ રૂપે ઉદ્યમોના નફામાં ભાગીદારીને બદલે તેમાં પોતાના રોકાણના મૂલ્યમાં વૃદ્ધિથી નફો કમાય છે. બીજા શબ્દોમાં તેઓ એ ઉદ્યમના શેર ખરીદીને ફંડ ઉપલબ્ધ કરાવે છે અને આ શેરોના ભાવોમાં એવી જ વૃદ્ધિથી લાભની આશા રાખે છે, જેમ શેરબજારના કારોબારમાં કરે છે. આ 'મૂલ્ય' જે ઉદ્યમની દીર્ઘકાલીન કમાણીની સંભાવના પર આધારિત હોય છે, પ્રકૃતિમાં જોઈએ તો સટ્ટા જેવું જ હોય છે અને વાસ્તવમાં મેળવેલ નફાને બદલે વ્યવસાયના વિકાસની સંભાવનાઓ સાથે જોડાયેલ હોય છે. આ જ સંભાવનાઓને કારણે આટલા બધા સ્ટાર્ટઅપને વિકાસ માટે ફંડિંગ મળતું રહે છે, ભલે વર્ષો સુધી તે નફો ન કમાય. રોકાણકારો પણ પોતાના જોખમને ઓછું કરવા માટે રોકાણના કેટલાય ઉદ્યમો વચ્ચે વિતરિત કરીને તેમાં વિવિધતા લાવે છે.

બીજી પ્રવૃત્તિ ડિજિટલ ટેક્નોલોજીનો ઉદય છે, જે આપણા કામ કરવાની પદ્ધતિ બદલી રહી છે, જેમ કે ઓનલાઈન શોપિંગ, દુકાન પર જઈને ખરીદી કરવાનું સ્થાન લઈ રહી છે, એપના માધ્યમથી કેબ બુક થાય છે કે ભોજન મંગાવવામાં આવે છે અને આ બધા માટે ડિજિટલ સાધનોથી જ ચૂકવણી પણ કરવામાં આવે છે. વાસ્તવમાં કોઈપણ નવો ઉદ્યમ સ્ટાર્ટઅપ છે, પરંતુ આજકાલ જેને સ્ટાર્ટઅપ કહેવામાં આવે છે, તે ડિજિટલ ટેક્નોલોજી પર આધારિત એવા વ્યવસાય છે, જે સટ્ટાની તર્જ પર કામ કરી રહેલા રોકાણકારો દ્વારા વિત્તપોષિત હોય છે. પેટીએમ બેંક પણ પારંપરિક બેંકો સાથે ખાનગી બેંકોના એક વિશેષ વર્ગને ઉત્તેજન આપવાની રિઝર્વ બેંકની એક ખાસ પહેલનું પરિણામ હતું, જેનો ઉદ્દેશ્ય સમાવેશનને પ્રોત્સાહિત કરવાનો હતો. જોકે આ બેંકોને નાનકડી ડિપોઝિટ રકમ સ્વીકાર કરવા અને ગ્રાહકોને ચૂકવણી અને પૈસા મોકલવાની સુવિધા આપવાની પરવાનગી હતી, પરંતુ લોન આપવાની પરવાનગી ન હતી. પરંતુ આ પહેલ વાસ્તવમાં ક્યારેય સફળ ન થઈ શકી. ૨૦૧૫માં જે ૧૧ સંસ્થાઓને સૈદ્ધાંતિક રૂપે પેમેન્ટ બેંક સ્થાપિત કરવાની અનુમતિ આપવામાં આવી, તેમાંથી માત્ર છ જ ચાલુ છે. તેથી પેમેન્ટ બેંકની વ્યવહારિતા હંમેશાં એક મુદ્દો રહી છે. જોકે પેટીએમ પેમેન્ટ બેંક પ્રકરણની સચોટ જાણકારી ઉપલબ્ધ નથી, સિવાય એ કે રિઝર્વ બેંકે પોતાની કાર્યવાહીના વ્યાપક કારણોને સાર્વજનિક કર્યા છે અને તે અનિવાર્ય રૂપે પ્રણાલીગત નિયમોના ઉલ્લંઘન તરફ ઈશારો કરી રહ્યા છે. જે પ્રવૃત્તિઓએ આ સંકટને જન્મ આપ્યો છે, તે અસલમાં સ્ટાર્ટઅપ સંસ્કૃતિની જ દેન છે. તેમાં ભાવ વધારવા માટે નફા પર વિચાર કર્યા વિના સ્ટાર્ટઅપને આગળ વધારવાની કોશિશ કરવામાં આવે છે અને જે તેમાં સફળ થાય છે તે સામાન્ય રીતે રોકાણકારોના ઘણા બધા પૈસા ખર્ચીને એવું કરે છે. અત્યધિક જોખમ ઉઠાવવું અને નિયમ-કાયદાની સીમાઓનું ઉલ્લંઘન કરવું આ પ્રક્રિયાની ખાસ પ્રવૃત્તિઓ છે. ક્યારેક ક્યારેક તે સમગ્ર નાણાંકીય પ્રણાલી પર સંભવિત અડચણની સાથે નિયંત્રણની બહાર જવાનો ખતરો પેદા કરી દે છે, તો ઉદાર નિયામકોને પણ કાર્યવાહી કરવા માટે મજબૂર થવું પડે છે. બીજા શબ્દોમાં, કોઈ સ્ટાર્ટઅપની સફળતા ભાવિ સમસ્યાઓ માટે બીજ વાવે છે.

### બરફની જેમ જામી જશે લોકો

# હોલીવુડ ફિલ્મ જેવા થઈ શકે છે દુનિયાના હાલ

## વૈજ્ઞાનિકોએ ચેતવણી આપતા કહ્યું છે કે દુનિયામાં બરફ પીગળવાના ગંભીર પરિણામો આવી શકે છે

નવી દિલ્હી,

અનેકવાર અસલ જીવનમાં આપણ કંઈક જોઈએ તો એવું લાગતું હોય છે કે આવું તો આપણે પહેલા પણ જોયુ છે કે સાંભળ્યું છે. ક્યારેક એવી ઘટનાઓ મૂવીમાં જોવા મળતી હોય છે. પરંતુ શું તમારી સાથે ક્યારેય એવું બન્યું છે કે કોઈ ઘટના બરાબર એ જ રીતે ઘટે જે રીતે તમે કોઈ ફિલ્મમાં જોયું હોય? જો ના જોયું કે સાંભળ્યું હોય તો તમને જણાવી દઈએ કે વૈજ્ઞાનિકોની એક ચેતવણી મુજબ આવું થઈ શકે છે. પહેલા આપણે જાણી લઈએ કે આ ચેતવણી આખરે શું છે અને તે કઈ ફિલ્મની યાદ અપાવે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે દુનિયામાં બરફ પીગળવાના ગંભીર પરિણામો આવી શકે છે. પરંતુ તેનાથી સૌથી વધુ અસર ગલ્ફ જળધારાનું બંધ થવું એ હશે જે ઉત્તરી ગોળાર્ધના ઠંડા મહાસાગરોને ગરમી આપવાનું કામ કરે છે. તેનાથી એવા જળવાયુ હાલાત પેદા થશે કે જેનાથી અનેક દેશોમાં હિમ યુગ જેવા હાલાત જોવા મળી શકે છે. વર્ષ ૨૦૦૪માં હોલીવુડ મૂવી 'ધ ડે આફ્ટર ટુ મોરો' રિલીઝ થયી હતી. આ બ્લોકબસ્ટર ફિલ્મમાં જણાવવામાં આવ્યું હતું કે



કેવી રીતે એક આંતરરાષ્ટ્રીય સ્તર પર આવનારા તોફાનના કારણે પૃથ્વી પર હિમયુગ જેવી સ્થિતિ ઊભી થાય છે. જો કે આ ફિલ્મમાં ઘણું બધુ કાલ્પનિક હતું. પરંતુ હિમયુગ જેવી સ્થિતિ બનવી એ કોઈ ગપગોળો નથી.

સમુદ્રની નીચે ભૂમધ્ય રેખા પાસે મહાસાગરોનું પાણી ગરમ થઈને પ્રવાહ બની ઉત્તર તરફ વહે છે. ગલ્ફ જળધારા એટલાન્ટિક મહાસાગરની ઉત્તરમાં જઈને ઠંડી થઈને ગરમી છોડે છે. વૈજ્ઞાનિકોનું કહેવું છે કે પિગળતા ગ્લેશિયર ગલ્ફ જળધારાઓને બંધ કરવા જઈ રહ્યા છે. આ ધારાઓ ઉત્તરી ગોળાર્ધના મહાસાગરોમાં ગરમી પહોંચાડે છે. જે પ્રકારે આ તંત્ર બંધ થવાનું જોખમ પેદા થઈ રહ્યું છે, વૈજ્ઞાનિકોને એવું લાગે છે કે ગલ્ફ જળધારા બંધ થવાથી ઉત્તર અમેરિકા, યુરોપ અને એશિયાના અનેક ભાગોમાં તાપમાન અનેક ડિગ્રી ઘટી જશે. તેના ગંભીર પરિણામો જોવા મળી શકે છે. નેધરલેન્ડની યુટરેચ યુનિવર્સિટીના રિસર્ચર્સ જો કે એ નથી જણાવી રહ્યા કે આવું ક્યારે થશે પરંતુ જો ગત એક અભ્યાસના તારણો જોઈએ તો આવું આગામી વર્ષે પણ થઈ શકે છે. તેનાથી ઉત્તરી ગોળાર્ધના મોટાભાગના દેશોમાં એવી સ્થિતિ પેદા થઈ જશે જેવી 'ધ ડે આફ્ટર ટુ મોરો' ફિલ્મમાં જોવા મળી હતી.

# ભારત ટેક્સ ૨૦૨૪, ભારતનો અગ્રણી વૈશ્વિક ટેક્સટાઈલ મહોત્સવ

દિલ્હી,

ભારત ટેક્સ ૨૦૨૪, ભારતનો અગ્રણી વૈશ્વિક ટેક્સટાઈલ મહોત્સવ, ગુજરાત, મહારાષ્ટ્ર, તેલંગાણા, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશની પ્રતિષ્ઠિત હાથશાળ અને હસ્તકલા પરંપરાઓના ભવ્ય સંગમનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. કલાત્મક ઉત્કૃષ્ટતા, વિશિષ્ટ હાથશાળની કારીગરી અને વિશિષ્ટ ટેક્સટાઈલ નવીનતાઓનું સહિયારું વર્ણન પ્રદર્શિત કરીને પાંચ ભારતીય રાજ્યો આકર્ષણનું કેન્દ્ર બનશે.

ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્ર 'ભાગીદાર રાજ્ય' તરીકે સમાવેશ સાથે, ભારત ટેક્સ ૨૦૨૪ ગુજરાત, તેલંગાણા અને મધ્ય પ્રદેશને 'સહાયક ભાગીદાર રાજ્યો' તરીકે સામેલ કરવાની જાહેરાત કરી છે. આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, કર્ણાટક અને આસામ પ્રમુખ વૈશ્વિક ટેક્સટાઈલ કાર્યક્રમમાં રાજ્ય મંડપ સ્થાપશે. મધ્યપ્રદેશની પ્રતિષ્ઠિત બાટિક પ્રિન્ટિંગ, હેન્ડ-બ્લોક પ્રિન્ટિંગ, ચંદેરી અને મહેશ્વરી સિલ્ક, ગુજરાતની બાંધણી, પટોળા સિલ્ક, હેન્ડ-પેઈન્ટિંગ, ઉત્તર પ્રદેશની ચિકનકારી, જરી-ઝરદોઝી, મહારાષ્ટ્રની પૈઠણી સાડી, વરલી કલા, આંધ્રપ્રદેશની મશરૂ અને હિમરૂ -પ્રશંસનીય જ્યુટ, હાથથી દોરેલી કલમકારી, ભવ્ય હાથથી વણેલી ધર્માવરમ સાડીઓ અને સરસ મંગલગીરી સુતરાઉ વણાટ, ભારત ટેક્સ ૨૦૨૪ વૈશ્વિક સ્તરે વખાણાયેલી રાજ્યોની હસ્તકલા અને હાથશાળ પરંપરાઓ અને નીતિઓ, નવીન તકનીકી અને આગામી ટેક્ષટાઈલ પાર્ક જેવી પહેલના સંદર્ભમાં રાજ્યની પ્રગતિશીલ પહેલ પર ગૌરવ લેશે. રાજ્યની ભાગીદારી પર ટિપ્પણી કરતા, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન, એકનાથ સંભાજી શિંદેએ કહ્યું, ''ભારત ટેક્સ ૨૦૨૪ માં ભાગીદાર રાજ્ય તરીકે મહારાષ્ટ્રની સહભાગિતાની જાહેરાત કરતાં મને ગર્વ થાય છે. ભારતમાં સૌથી મોટા આંતરરાષ્ટ્રીય પ્રદર્શન તરીકે, આ ઈવેન્ટ ઉદ્યોગ સહયોગ અને નવીનતા માટેનું સૌથી મોટું મંચ બની રહ્યું છે. મધ્યપ્રદેશને 'સહાયક ભાગીદાર રાજ્ય' તરીકે જોડાવા અંગે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રી, ડૉ. મોહન યાદવે કહ્યું, "મધ્યપ્રદેશની સમૃદ્ધિ તેના ઉદ્યોગોની પ્રગતિમાં રહેલી છે. ઉદ્યોગોની સ્થાપનાથી રોજગારીની તકોમાં વધારો થાય છે. રાજ્ય સરકાર એક કાર્યક્ષમ વ્યવસ્થા સ્થાપિત કરવા, સુશાસનને પ્રોત્સાહન આપવા અને સર્વગ્રાહી વિકાસ સાધવા માટે સમર્પિત છે.''

# દેશમાં મોટી મૂડીવાદી કંપનીઓએ એક રાજકીય પક્ષ બનાવી લીધોઃ રાકેશ ટિકૈત

નવી દિલ્હી,

દિલ્હીમાં ખેડૂતોનું ઉગ્ર આંદોલન ચાલી રહ્યું છે, ખેડૂતો દિલ્હી કૂચ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે, પોલીસ પણ ટીયર ગેસના સેલ છોડી તેમને અટકાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, ત્યારે આ તમામ ઘટનાઓ વચ્ચે ખેડૂત નેતા રાકેશ ટિકેતે કેન્દ્ર સરકાર પર નિશાન સાધી મોટી પ્રતિક્રિયા આપી છે. ભારતીય કિસાન યૂનિયનના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકેતે કહ્યું કે, 'દેશમાં મોટી મૂડીવાદી કંપનીઓ છે... તેમણે એક રાજકીય પક્ષ બનાવી લીધો છે અને આ દેશ પર કબજો કરી લીધો છે.

આવી સ્થિતિમાં સમસ્યાઓ આવશે જ... જો તેમની (ખેડૂતો) સાથે કોઈ અન્યાય થશે, સરકાર તેમના માટે કોઈ સમસ્યા ઊભી કરશે તો ખેડૂતો પણ આપણાથી દૂર નથી અને દિલ્હી આપણાથી દૂર નથી.' તેમણે કહ્યું કે, 'જ્યારે દિલ્હીમાં ૧૩ મહિના સુધી ખેડૂત આંદોલન ચાલ્યું હતું, ત્યારે અમારી અને સરકાર વચ્ચે ૧૨ વખત વાતચીત થઈ હતી. ત્યારબાદ ૨૨ જાન્યુઆરી-૨૦૨૧ બાદ ભારત સરકાર સાથે અમારી કોઈ વાતચીત થઈ નથી. હવે ત્રણ વર્ષ બાદ આ વાતચીત શરૂ થઈ છે. દેશભરમાં વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. સરકારે અમારી સાથે બેસીને વાતચીત કરવી જોઈએ અને ખેડૂતોને સન્માન આપવું જોઈએ. સરકારે આ મુદ્દે વિચારવું જોઈએ અને પ્રયાસ કરવો જોઈએ. ઉપરાંત તેનું નિરાકરણ લાવવું જોઈએ.'

ખેડૂત આંદોલન મુદ્દે કોંગ્રેસે પણ મોદી સરકાર નિશાન સાધ્યું છે. કોંગ્રેસ નેતા જયરામ રમેશે કહ્યું કે, 'જે સરકાર એમ.એસ.સ્વામીનાથન અને ચૌધરી ચરણ સિંહને ભારત રત્ન આપે છે, તે જ સરકાર ખેડૂતો સાથે અન્યાય કરે છે. ખેડૂત સંગઠનોની ત્રણ-ચાર મુખ્ય માંગણીઓ છે. તેમની સૌથી મોટી માંગ છે - સ્વામીનાથન ફોર્મ્યુલા લાગુ કરવામાં આવે અને બીજી માંગ - એમએસપી કાયદો... તેમણે મોદી સરકાર પર કટાક્ષ કરતા કહ્યું કે, **MSP** 'ન્યૂનતમ ટેકાના ભાવ' છે, 'મોદી વેચાણ કિંમત' નહીં' ઉલ્લેખનિય છે કે, ખેડૂત સંગઠનોએ આજથી ખેડૂત આંદોલનની જાહેરાત કરી હતી. ટેકાના ભાવ માટે કાયદો ઘડવો તેમજ ખેડૂતોના દેવા માફ કરવા સહિતની ૧૦થી વધુ માગણીઓ સાથે ખેડૂતો દ્વારા દિલ્હી તરફ કૂચ કરી રહ્યા છે. હરિયાણા અને પંજાબ વચ્ચે શંભુ બોર્ડરથી ખેડૂતો દિલ્હી તરફ આગળ વધવાનો પ્રયાસ કરી રહ્યા છે. જોકે ખેડૂતોને અટકાવવા પોલીસ ટીયર ગેસ સહિતના તમામ પ્રયાસો કરી રહી છે. દિલ્હીમાં ઘૂસવા પર અડગ રહેતા ખેડૂતો ટ્રેક્ટર વડે સિમેન્ટ બેરિકેડ હટાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

ખેડૂતોની કૂચને ધ્યાનમાં રાખીને દિલ્હીની આસપાસની સરહદો સીલ કરી દેવામાં આવી છે. સિંઘુ બોર્ડર પરનો ફલાયઓવર પણ સીલ કરી દેવામાં આવ્યો છે. મશીનની મદદથી સિમેન્ટ બેરીકેટ્સ લગાવવામાં આવ્યા છે. અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર આરએએફ તહેનાત કરવામાં આવી છે.

### ભયના માર્યે ડર્યા રામભક્તો

# ગુજરાતથી અયોધ્યા જવા નીકળેલી ટ્રેન પર પથ્થરમારો

## સુરતથી રાતે અયોધ્યા જવા નીકળેલી આસ્થા ટ્રેન પર મહારાષ્ટ્રના નંદુરબાર સ્ટેશન પર પથ્થરમારો કરાયો હતો

સુરત,

ગઈકાલે સુરતથી અયોધ્યા જનારી ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવી હતી. કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ દ્વારા સુરતથી અયોધ્યા જનારી આસ્થા ટ્રેનને પ્લેગઓફ આપવામાં આવ્યું હતું. પરંતુ આ ટ્રેનને આગળ જતા મોટી મુસીબતનો સામનો કરવો પડ્યો હતો. ટ્રેન જેમ અયોધ્યા તરફ જવા નીકળી હતી, અને નંદુરબાર પહોંચી તો રાતે ટ્રેન પર પથ્થરમારો કરાયો હતો.

આ ટ્રેનમાં સવાર મુસાફરો ગભરાઈ ગયા હતા. તેઓએ ડરના માર્યે ટ્રેનના દરવાજા બંધ કરી દીધા હતા. તેમ છતાં દઝનેક પથ્થરો ટ્રેનની અંદર પહોંચી ગયા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ ઘાયલ થયું નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતથી ટ્રેન રાતે ૮ વાગ્યે અયોધ્યા જવા આસ્થા ટ્રેન ઉપડી હતી. આ ટ્રેનમાં કુલ ૧૩૪૦ મુસાફરો સવાર હતા. ટ્રેનના મુસાફરો ભોજન કરીને ઊંઘવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે રાતે પોણા અગિયાર વાગ્યાની આસપાસ ટ્રેન નંદુરબાર પહોંચી હતી. અહી ટ્રેન ઉભી રહેતા જ ટ્રેન પર બહારથી પથ્થરો આવવાની શરૂઆત થઈ હતી.

મુસાફરોએ જણાવ્યું કે, બહારથી ટ્રેન પર પથ્થરો ફેંકવામાં આવી રહ્યા હતા. એક-બે લોકો નહિ, અનેક લોકો ટ્રેન પર પથ્થરો ફેંકી રહ્યા હતા. જેને કારણે મુસાફરો ડરી ગયા હતા. તેઓ દરવાજા અને બારીઓ બંધ કરવાની શરૂઆત કર્યા હતા, છતાં બહારથી અનેક પથ્થરો ફેંકાઈ રહ્યાં હતા. આ ઘટનામાં કોઈ ઘાયલ નથી થયું. ઘટનાની જાણ થતાં જ જીઆરપી અને આરપીએફની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. તપાસ બાદ ટ્રેનને આગળ જવા રવાના કરી હતી. જીઆરપીએ જણાવ્યું કે, અજ્ઞાત લોકો સામે કેસ દાખલ કરીને તપાસ શરૂ કરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ૨૨મી જાન્યુઆરીના રોજ દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે અયોધ્યા ખાતે રામ મંદિરમાં રામ લાલાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. બાદમાં રામ લાલાના દર્શન માટે દેશના તમામ લોકોએ દોડ મૂકી છે. ત્યારે ભક્તો માટે અયોધ્યા સુધી ખાસ આસ્થા ટ્રેન દોડાવાઈ રહી છે. ગઈકાલે સુરતથી પણ અયોધ્યા માટે એક ટ્રેનની શરૂઆત કરવામાં આવી છે. જેને લઈને સુરતીલાલાઓમાં ખૂબ જ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ટ્રેનને લીલીઝંડી આપતા સમયે આખું સુરત રેલ્વે સ્ટેશન રામનામના નામથી ગુંજી ઉઠ્યું હતું. સ્ટેશન પર જય શ્રી રામ જય શ્રી રામના નારા લગાવાયા હતા.



જુના વાડજ આશ્રમ રોડ પર સાઈડમા આવેલ ઝાડને **AMC** દ્વાર તોડી પાડવામાં આવી રહ્યા છે

# વડાપ્રધાન મોદીનો UAE પ્રવાસનો કાર્યક્રમ ટુંકાવાયો

નવી દિલ્હી,

ખરાબ હવામાનને કારણે, **UAE**ના અબુ ધાબીમાં ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આયોજિત 'અહલાન મોદી' સમુદાય કાર્યક્રમમાં કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. સોમવારે રાત્રે ભારે વરસાદને કારણે કાર્યક્રમ ટુંકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. યુએઈમાં ભારે વરસાદને કારણે સમગ્ર દેશમાં ટ્રાફિક જામ અને પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. તેથી આ પગલું ભરવું પડ્યું. અબુ ધાબીના ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં પીએમ મોદીના સૌથી મોટા પ્રવાસી કાર્યક્રમની તૈયારી સાથે સંકળાયેલા એક અધિકારીએ જણાવ્યું કે હવામાનને કારણે તેમને કાર્યક્રમમાં લોકોની ભાગીદારી ૮૦,૦૦૦ને બદલે ૩૫,૦૦૦ કરવાની ફરજ પડી છે. .

ઈવેન્ટની તૈયારીમાં વ્યસ્ત સજીવ પુરૂષોત્મને પીટીઆઈને જણાવ્યું કે, "અબુધાબીના ઝાયેદ સ્પોર્ટ્સ સિટી સ્ટેડિયમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સૌથી મોટા પ્રવાસી ઈવેન્ટમાંથી એકની તૈયારીઓ સારી રીતે ચાલી રહી હતી, પરંતુ અચાનક હવામાનના કારણે કેટલાક લોકો ખરાબ થઈ ગયા. તેમાં ફેરફાર કરવા પડતા હતા. અને હવે ભીડ ઓછી રાખવામાં આવી છે." તેમણે જણાવ્યું કે આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે લગભગ ૬૦ હજાર લોકોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

# દેવભૂમિ દ્વારકાના ભાણવડના બરડા ડુંગરમાં આગ લાગી

ભાણવડ,

દેવભૂમિ દ્વારકાના ભાણવડના બરડા ડુંગરમાં આગ લાગી છે. કાનમેરા પર્વતનાં જંગલમાં ભીષણ આગ લાગી છે. આગના કારણે આસપાસ વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યા હતો. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા તાત્કાલિક ફાયર બ્રિગેડ ઘટના સ્થળે આવી પહોંચ્યુ હતુ.

રાજ્યમાં અવારનવાર આગ લાગવાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે ફરી એક વાર દેવભૂમિદ્વારકા પંથકમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. દેવભૂમિ દ્વારકાના ભાણવડના બરડા ડુંગરમાં આગ લાગી છે. કાનમેરા પર્વતનાં જંગલમાં ભીષણ આગ લાગી છે. આગના કારણે આસપાસ વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યા હતો. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરતા તાત્કાલિક ફાયર બ્રિગેડ ઘટના સ્થળે આવી પહોંચ્યુ હતુ. તેમજ આગ પર કાબૂ મેળવવાના પ્રયાસ હાથ ધર્યો હતો. જેમાં બીજી તરફ આ અગાઉ સુરતના પલસાણાના બલેશ્વર ગામે ડંપિંગ યાર્ડમાં આગ લાગતાં દોડધામ મચી હતી. આગ લાગવાનું કારણ અકબંધ છે જોકે આગ ઉપર ભારે જહેમત બાદ કાબુ મેળવી શકાયો હતો. નશેનલ હાઈવે નંબર ૪૮ અડીને આવેલ બત્રીસ ગંગા નદી કિનારે ડંપિંગ યાર્ડમાં આ આગ લાગી હતી.



ગઈકાલે રાત્રે કાંકરીયા સ્પોર્ટ એકેડમીમાં બાઈક સ્ટન્ટનું આયોજન કરાયું હતું.

# ખોરંભે પડેલો સુવાલી બીચના ડેવલોપમેન્ટનો પ્રોજેક્ટ ફરી

સુરત,

સુવાલી બીચના ડેવલપમેન્ટ માટે ફરીએકવાર પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૮-૦૯માં મોટાપાયે જાહેરાત બાદ પ્રોજેક્ટને પડતો મૂકી દેવાયો હતો પરંતુ ફરી આ સ્થળને પીકનીક સ્પોટ તરીકે વિકસાવવા વિચારણા હાથ ધરવામાં આવી છે.

સૂત્રો અનુસાર બીચને ૪૮ કરોડના ખર્ચે વિકસાવાશે જે અંતર્ગત ૨૪-૨૫ ફેબ્રુઆરીએ બીચ ફેસ્ટિવલનું આયોજન ચણ કરવામાં આવશે. આ અવસરે સાંસ્કૃતિક કાર્યક્રમોની સાથે ૨૪મીએ સાંજે કીર્તિદાન ગઢવીનો ડાયરો યોજાશે. બીચના વિકાસ માટે સુડાએ ૧૦ કરોડ મંજૂર કર્યા છે જ્યારે તબક્કાવાર ૩ વર્ષમાં પ્રોજેક્ટ પૂરો કરાશે.

આ અગાઉ ૭ વર્ષ પહેલાં દિવાળીમાં બીચ ફેસ્ટિવલ યોજાયો હતો જોકે તે સમયે અપૂરતી સુવિધાઓની ફરિયાદ ઉઠી હતી. હવે સુવાલી સુધી ૭ કરોડના ખર્ચે નવો રસ્તો બનાવી શૌચાલય સહિતની સુવિધા બનાવાઈ રહી છે. ખાણીપીણીના શોખિન સુરતીઓ ફરવાની સાથે અહીં ખાણી-પીણીની પણ મોજ માણી શકશે

### ૧૨ અલ્ટ્રાફાસ્ટ સ્ટેશનને કેન્દ્રીય ગૃહ પ્રધાન દ્વારા શરુ કરાયા

# અમદાવાદમાં ૧૨ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મુકાયા

## પ્રહલાદનગર, ઈકમટેક્સ બ્રિજ, સિંધુભવન સહિત ૧૨ સ્થળે ચાર્જિંગ સ્ટેશન શરુ કરવામાં આવ્યા છે

અમદાવાદ, તા.૧૨

સરકાર દ્વારા ઈલેક્ટ્રીક વ્હીકલ માટે પોલિસી તો બનાવી દેવામાં આવી હતી, પરંતુ અમદાવાદમાં ચાર્જિંગ સ્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયુ ન હતુ.જેના કારણે ઈલેક્ટ્રીક વાહન ખરીદી લેનારા અને ખરીદવા ઈચ્છતા લોકોમાં મુંઝવણ રહેતી હતી.જો કે હવે અમદાવાદમાં આજથી ૧૨ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મૂકાશે.સરકાર દ્વારા ઈલેક્ટ્રીક વ્હીકલ માટે પોલિસી તો બનાવી દેવામાં આવી હતી, પરંતુ અમદાવાદમાં ચાર્જિંગ સ્ટેશનનું ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું થયુ ન હતુ.જેના કારણે ઈલેક્ટ્રીક વાહન ખરીદી લેનારા અને ખરીદવા ઈચ્છતા લોકોમાં મુંઝવણ રહેતી હતી.જો કે હવે અમદાવાદમાં આજથી ૧૨ ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન ખુલ્લા મૂકાશે. લોકોમાં મુંઝવણ રહેતી હતી કે પોતાના EV વાહનોને ચાર્જ ક્યા કરવા, કેમકે ઘરે જે ચાર્જિંગ પોઇન્ટ હોય છે તે એટલા ફાસ્ટ હોતા નથી અથવા તમામ લોકો પાસે ચાર્જિંગની વ્યવસ્થા હોતી નથી.

જેના કારણે લોકો EV વાહન ખરીદતા પહેલા વીચારતા હતા. હવે અમદાવાદના અને અમદાવાદ બહારથી ઈલેક્ટ્રીક વાહન લઈને શહેરમાં આવતા લોકો માટે સારા સમાચાર સામે આવ્યા છે.અમદાવાદમાં એકસાથે ૧૨ અલ્ટ્રાફાસ્ટ સ્ટેશનને કેન્દ્રીય ગૃહ પ્રધાન દ્વારા શરુ કરાવવામાં આવ્યા છે. હવે અમદાવાદ બહારથી આવનારા લોકોને EV વાહન ક્યા ચાર્જ કરવા તેની સમસ્યા રહેશે નહીં.૨-૩ અને ૪ વ્હીલર વાહનો ચાર્જ કરવા સરળ બનશે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર EV વાહનોને સતત પ્રોત્સાહન આપે છે.એના જ કારણે EV વાહનોના વેચાણમાં પણ વધારો થઇ રહ્યો છે, ત્યારે હવે અમદાવાદમાં આજથી EV વાહનોના ચાર્જિંગની સમસ્યા દૂર થઇ છે. અમદાવાદમાં પ્રહલાદનગર, ઈકમટેક્સ બ્રિજ, સિંધુભવન સહિત ૧૨ સ્થળે ચાર્જિંગ સ્ટેશન શરુ કરવામાં આવ્યા છે.

# આગામી લોકસભા ચૂંટણી EVના સ્થાને બેલેટ પેપરથી કરવા માગ

ડાંગ,

આદિવાસી પટ્ટી સ્થિત ડાંગ જીલ્લાની ભારતીય ટ્રાયબલ ટાઈગર સેના કાર્યકરો દ્વારા ભારત દેશમાં બેલેટ પેપરથી ચૂંટણી યોજવાની માંગ સાથે જિલ્લા કલેકટર ને આવેદનપત્ર આપ્યું છે. આગામી લોકસભા ચૂંટણી નજીકના સમયમાં યોજાનાર છે ત્યારે આ ચૂંટણીમાં ઈફ્ર ના સ્થાને બેલેટ પેપરનો ઉપયોગ કરવા માંગ કરવામાં આવી છે.

ભારતી ટ્રાઈબલ ટાઈગર સેના ડાંગ દ્વારા પ્રમુખ નિલેશ ઝાબરે ની આગેવાની હેઠળ ડાંગ કલેકટર ને આવેદનપત્ર આપતા જણાવવાનું કે, અમેરિકા, જાપાન, પાકિસ્તાન, નેધરલેન્ડ, આયલેન્ડ જેવા દેશોમાં આજે ત્યાં લોકશાહીનાં માધ્યમથી બેલેટ પેપરથી ચુંટણી થાય છે અને ભારતમાં લોકસભાની અને દરેક રાજયની વિધાનસભાની ચુંટણીઓ કે તમામ ચુંટણીઓ બેલેટ પેપરથી થવી જોઈએ. ભારતથી વધુ વિકસીત અન્ય બીજા દેશમાં જો બેલેટ પેપરથી થાય છે ત્યાં ઈલેકટ્રીક વોટીંગ મશીનથી ચુંટણી થતી નથી તો તેનો અર્થ એ થાય છે કે માનવ નિર્મિત ઈલેકટ્રીક વોટીંગ મશીન ઉપર તેઓને ભરોષો નથી. આ સાથે લોકશાહી બચાવવા માટે ઈલેકટ્રીક વોટીંગ મશીનની જગ્યા ચુંટણી બેલેટ પેપરથી થાય તેવી માંગ કરાઈ છે .

લોકોની માંગ છે કે આવનાર લોકસભાની ચુંટણી ૨૦૨૪માં મશીન હટાવીને બેલેટ પેપર થી થાય એ જરૂરી હોવાનું કહેવામાં આવ્યું છે.

આ આવેદનપત્ર આપતી વેળાએ બીટીટીએસ ના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૧૯૯૦ ના દાયકામાં, ભારતના ઘણા વિસ્તારોમાં બૂથ કેપ્ચરિંગ અને બોગસ મતદાન જેવી સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM) નો ઉપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

# ભવનાથ મેળામાં વિધર્મીઓની બગ્ગીમાં નહિ નીકળે રવેડી

જુનાગઢ, તા.૧૨

૮ માર્ચના રોજ મહા શિવ રાત્રીનો પર્વ છે. આ પર્વ શિવભક્તો માટે ખાસ ગણાય છે. ત્યારે જુનાગઢના ભવનાથનો મેળો ભક્તો માટે અનેરું મહત્વ ધરાવે છે. અહીં મહાશિવરાત્રીએ દૂરદૂરથી ભક્તો આવે છે. ત્યારે સાધુ સંતો દ્વારા શિવરાત્રિને મેળો લઇ ખાસ બેઠકનું આયોજન કરાયુ હતું. જેમાં મહાશિવરાત્રી મેળામાં સાધુ સંતોને થતી મુશ્કેલી, અન્નક્ષેત્રો ચલાવવામાં પડતી મુશ્કેલી, લોકોને થતી અગવડ અંગે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. વહીવટી તંત્રને સમસ્યાઓનો ઉકેલ કરવા નિર્ણય લેવાયો હતો.

સાધુ સંતોના સૂચનોને જૂનાગઢના ધારાસભ્ય, મેયર, શહેર પ્રમુખ તેમજ અગ્રણીઓએ માન્ય રાખ્યા હતા. તેમજ કેટલાક મહત્વના નિર્ણયો પણ આ વર્ષના ભવનાથના મેળા માટે લેવામાં આવ્યા છે. અન્નક્ષેત્રોમાં સામાન માટે મેળામાં વાહનોની અવરજવર વધુ હોય છે, તેથી આ અવરજવર ઓછી થાય એ માટે નિર્ણય લેવાયો કે, સરકાર દ્વારા ટેમ્પરરી ગોડાઉન ઉભુ કરાશે.

જેમાં ગેસ સિલિન્ડર, કાચી સામગ્રી, શાકભાજી મળી રહેશે. આ ઉપરાંત ઈમરજન્સી માટે ભવનાથથી બહાર સુધી જવા વૈકલ્પિક રસ્તો રાખવો. અધિકારીઓની ગાડી પરિવારો માટે વારંવાર આવજા ન કરે તેના પર ખાસ નજર રાખવામાં આવશે. આ ઉપરાંત મહંત મહેશગીરી બાપુએ જણાવ્યું કે, સાધુ સંતો વિધર્મી લોકોની બગીઓમાં બેસી રવેડીમાં નહિ નીકળે. આખા મેળામાં સ્પીકર મૂકી ધાર્મિક સંગીત જ વગાડવામાં આવશે. આ ઉપરાંત સાધુ સંતોએ કેટલીક માંગ કરી કે, મેળાની વ્યવસ્થા માટે કોઈ અનુભવી અધિકારીની નિમણૂંક કરવામાં આવે. અન્નક્ષેત્રો અને ઉતારા મંડળમાં યોગ્ય પોલીસ સુરક્ષા આપવામાં આવે. તેમજ ભવનાથના મેળા દરમિયાન યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સ્થાનિક કલાકારોને બોલાવવામાં આવે. આ ઉપરાંત 'આઈ લવ girnar' નામે સેલ્ફી પોઈન્ટ બનાવવામાં આવે છે.

Publisher, Printer and Owner : VIJYABEN VANRAJSINH SISIDIYA • Printed at : Dharti Printers,
C/3, Shankar Chambers (Basement), Nr. H. K. Huose, Opp. Mrudul Tower, Ashram Road, Ahmedabad and published from Junagadh
C-3, 2nd Floor, City Point Complex, Opp. New Collector Office,Meeranagar Main Road, Junagadh-362001 (Gujarat) • Editor : Vijyaben V. Sisodiya